**ડાયરેક્ટ ❤ સે**

નિમિત્ત નાનું
ને નુકસાન મોટું
એનું નામ ક્રોધ

## જન્મદિને વધામણી



અર્ણવ મેહુલકુમાર કવિ
મો. ૯૬૨૪૯ ૪૪૮૨૦



લય ક્રિપેન શ્રીમાળી
મો. ૯૪૨૭૦ ૨૧૬૭૭

### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

# ૩૧મો સર્વ નેતૃત્વ નિવાસી તાલીમ શિબિર સંપન્ન






ગાંધીનગર, તા. ૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૨૭ નવેમ્બરથી ૧ ડિસેમ્બર દરમિયાન પાંચ દિવસીય ૩૧મો સર્વ નેતૃત્વ નિવાસી તાલીમ શિબિરનું આયોજન અડાલજ પાસે સ્થિત શ્રી રામચંદ્ર મિશન ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં સર્વ વિદ્યાલયની ૧૩ કૉલેજોના ૬૧ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પાંચ દિવસીય આ કૅમ્પમાં માસ્ટર ટ્રેનર તરીકે દીપકભાઈ તેરૈયા ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વિવિધ ગેમ્સ, શોર્ટ ફિલ્મ્સ, ગૃપ વર્ક અને સ્ટ્રક્ચરલ પ્રશ્નાનલિ દ્વારા વિવિધ વિષયોની તાલીમ વિદ્યાર્થીઓને આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને મૌન રહી પ્રકૃતિને નિહાળતાં પોતાની અંદર ડોકિયું કરવા પ્રેર્યા હતા અને સંબંધોનું મહત્ત્વ સમજાવતાં લાઈફ ટ્રીની સમજ આપી હતી. શિબિર દરમિયાન અતિથિ વક્તા તરીકે વિચરતી જાતિના ઉત્થાન માટે કાર્યરત મિત્તલબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. જેમણે પોતાનાં કાર્યોની માહિતી વિદ્યાર્થીઓને પૂરી પાડી હતી. સમગ્ર કેમ્પ દરમિયાન શ્રી રામચંદ્ર મિશનના ટ્રેનર્સ દ્વારા વિદ્યાર્થીઓનો મેડિટેશન કરાવવામાં આવ્યું હતું અને તેનું મહત્ત્વ પણ સમજાવવામાં આવ્યુ હતું. પૂર્વ તાલીમાર્થી ગુંજન પનારા અને તેમની ટીમનું લવારપુર ગામ ખાતે ‘સ્વચ્છતાના પગલે’ પ્રોજેક્ટ અંતર્ગત ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ઉપસ્થિત અતિથિ દ્વારા સન્માન પણ કરવામાં આવ્યું હતું. શિબિરના સમાપન સમારોહમાં કડી સર્વ વિશ્વ-વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ, કેજલ કંસારા, આધ્યાત્મિક ટ્રેનર પરમાનંદજી, એચએલઆર ડૉ. યોગેશ પટેલ અને ઉમેશ કોલ્હેજીએ ઉપસ્થિત રહી પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

વિદ્યાર્થીઓએ સમાજ ઉપયોગી પ્રોજેક્ટ્સ રજૂ કરી પ્રોજેક્ટ્સને નિયત સમયમાં પૂર્ણ કરવાનો અને અવશ્ય મત આપવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન કાર્યક્રમ સંયોજક ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક હિતેશ પ્રજાપતિ, જિજ્ઞેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પૂર્વ તાલીમાર્થી મનન પટેલ, સુરજ મુંજાણી, ગુંજન પનારા દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે સક્રિય સાજેદારી કરવામાં આવી હતી.



શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે ફરજરત સંતોકબેન ચૌધરી અને ચંદ્રિકાબેન પટેલ વયનિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ શાળા પરિસરમાં યોજવામાં આવ્યો હતો.

આ સમારોહના પ્રમુખપદે સંસ્થાના પ્રમુખ હરિભાઈ વી ચૌધરી, મુખ્ય મહેમાન પદે વરિષ્ટ સાહિત્યકાર ડૉ, કેશુભાઈ દેસાઈ, સામાન્ય વહીવટ વિભાગના સંયુક્ત સચિવ ઈ પી દેસાઈ અને નિવૃત્ત થઈ રહેલાં શિક્ષકોના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય સંતોકબેન ચૌધરી અને ચંદ્રિકાબેન પોતાનાં સંસ્મરણો વાગોળતાં ભાવુક બની ગયાં હતાં. વક્તાઓ અને શિક્ષકો દ્વારા પણ તેમનાં કાર્યોની નોંધ લઈ તેમને સ્વસ્થ દીર્ઘાયુ માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# આર જી કન્યા શાળા દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમ






ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી કન્યા માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ દ્વારા તાજેતરમાં મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળા કેમ્પસમાં ધોરણ-૧૧ આર્ટ્સ-કોમર્સની વિદ્યાર્થીનીઓ દ્વારા ‘જાગો મતદાર જાગો’ નાટકની ભજવણી કરવામાં આવી હતી. જેમાં ચૂંટણીમાં ઊભેલા મતદારને ઓળખી કોઈ લોભ-લાલચ વગર સાચા અને સારા ઉમેદવારને મત આપવાનો અને સાથે સાથે વીવીપેટ દ્વારા કેવી રીતે વોટિંગ કરવું તે અંગેનો સંદેશ આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ પોતાના ઘરના સભ્યોને સમજાવીને ૧૦૦ ટકા મતદાનમાં સહયોગ આપે તેવી અપીલ પણ કરવામાં આવી હતી અને મતદાર જાગૃતિ અંગે સૂત્રોચ્ચાર પણ કરવામાં આવ્યો હતો. શાળાની ધોરણ-૯થી ૧૨ની વિદ્યાર્થીનીઓ અને શિક્ષકોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

## સૅ. ૭ની સરકારી પ્રાથમિક શાળા દ્વારા ફરતા પુસ્તકાલયની શરૂઆત કરાઈ

ગાંધીનગર, તા. ૯

સરકારી પગાર કેન્દ્ર શાળા, સેક્ટર-૭ ખાતે ‘મારી શાળા, મારું ગૌરવ’ પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા વધારવા અને તેમને વાંચતા કરવાના હેતુથી ‘સૃકૃત ગ્રંથ મંદિર’ નામે ફરતું પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે સરકારી પગાર કેન્દ્ર શાલા, સેક્ટર-૭ના વિદ્યાર્થીઓએ પુસ્તકાલયમાં બેસીને શાંતપણે વાચન કર્યું હતું.

પોતે વાંચેલા પુસ્તક અંગે વિદ્યાર્થીઓએ પરસ્પર ચર્ચા પણ કરી હતી અને પોતાની નોટબૂકમાં પુસ્તક અંગે સમીક્ષા પણ નોંધી હતી.

# ટેકનીકલ કોલેજો દ્વારા વિદ્યાર્થીઓને વધારાની ફી પરત

ગાંધીનગર, તા. ૯

ગુજરાતની ટેકનિકલ કોલેજોની ફી નક્કી કરવા માટે રચાયેલી ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા હાલમાં આગામી ત્રણ વર્ષ માટે કોલેજોની નવી ફી નક્કી કરવાની પ્રક્રિયા ચાલુ છે. બીજીબાજુ કોલેજોને પ્રપોઝલ ફી આપી દેવામાં આવી છે. આમ છતાં કેટલીક કોલેજોએ વિદ્યાર્થીઓ પાસેથી ગેરકાયદે ફી વસુલી હતી. તાજેતરમાં ફી કમિટીના ધ્યાન પર આ બાબત આવતાં જુદી જુદી કોલેજોને આ ફી પરત આપવા ફરજ પાડવામાં આવી છે. આ ઉપરાંત જો કોઇ કોલેજો વિદ્યાર્થીઓ પાસેથી અન્ડરટેકીંગ લઈને પણ વધારે ફી લેતી હશે અને આવી કોલેજોની ફરિયાદ આવશે તો તેમની સામે કાર્યવાહી કરવાની ચીમકી ફી કમિટી દ્વારા આપવામાં આવી છે.

ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા છેલ્લા કેટલાય સમયથી ટેકનિકલ કોલેજોની ફી નક્કી કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જો કે, ટેકનિકલ કોલેજોમાં પહેલુ સત્ર પુરુ થવા છતાં હજુસુધી નવી ફી જાહેર કરવામાં આવી નથી. મહત્વની વાત એ કે કમિટી દ્વારા કોલેજોને અંદાજિત ફી આપી દેવામાં આવી છે. પરંતુ અનેક કોલેજો વિદ્યાર્થીઓ પાસેથી આ ફી કરતાં અનેકગણી વધારે ફી ઉઘરાવી રહ્યા છે. આવી કેટલીક ફરિયાદો પણ ફી કમિટીને મળી હતી. જેના આધારે કમિટી દ્વારા નિયમો વિરુધ્ધ વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવેલી ફી પરત કરવા સૂચના આપવામાં આવી હતી. કમિટીની સૂચના પ્રમાણે કલોલ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચ, કલોલ દ્વારા એન્જિનિયરિંગના ૨૨ વિદ્યાર્થીઓ પાસેથી લીધેલી રૂ. ૨,૩૧,૦૦૦ જેટલી રકમ પરત અપાવવામાં આવી હતી. આજ રીતે નવરચના યુનિવર્સિટી, વડોદરાના એમબીએના ૧૦૯ વિદ્યાર્થીઓને અગાઉ રૂ.૨૦,૪૮,૮૭૭ની રકમ પરત આપવી પડી હતી. આ સિવાય ૩૪ વિદ્યાર્થીઓને રૂ.૧૨,૬૫, હજાર રકમ પરત કરવામાં આવી હતી. આ સિવાય પી.પી.સવાણી યુનિવર્સિટી, સુરત દ્વારા લેવાયેલી ૧૬૯ વિદ્યાર્થીઓની રૂ.૧૨,૬૬, ૨૫૦ જેટલી રકમ વિદ્યાર્થીઓને પરત અપાવવામાં આવી હતી. આમ, આ કોલેજોએ વિદ્યાર્થીઓ પાસેથી એક યા બીજા બહાના હેઠળ ગેરકાયદે રકમ ઉઘરાવી હતી. જેની ફરિયાદ વિદ્યાર્થીઓ એફઆરસી સમક્ષ કરી હતી. હાલમાં કેટલીક કોલેજો દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી અંડરટેકીંગ એટલે કે મંજુરી લઈને કેટલીક વધારાની ફી લેવાનું શરૂ કર્યુ હોવાની વિગતો પણ બહાર આવી છે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે કેટલીક કોલેજોના સંચાલકો વિદ્યાર્થીઓ-વાલીઓ પાસેથી એવુ લખાણ કરાવે છે કે કોલેજ દ્વારા જે વધારાની ફી ઉઘરાવવામાં આવે છે તેની સામે અમને કોઇ વાંધો નથી.

# ‘પારકા પૈસા એ આપણા પૈસા’ નાટક આજે શહેરમાં ભજવાશે

## ડૉ. આંબેડકર હૉલ ખાતે રાત્રે આયોજિત કૉમેડી નાટક નિહાળવા સૌ નાટ્યરસિકોને નિમંત્રણ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત કૉમેડી નાટક ‘પારકા પૈસા એ આપણા પૈસા’ રવિવારે રાત્રે ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે ભજવાઈ રહ્યું છે.

મૃગેશ દેસાઈ લિખિત અને ઈફતેખાર નિઝામી દ્વારા દિગ્દર્શિત આ કૉમેડી નાટક તા. ૧૦ ડિસેમ્બર ને રવિવારના રોજ રાત્રે ૯.૩૦ કલાકે ડૉ. આંબેડકર હૉલ ખાતે યોજવામાં આવ્યું છે.

મૅગ્ડિલીન ક્રિશ્ચિયન, કવન શાહ, સંજય પંડ્યા, નિહારીકા દવે અને અક્ષિત વ્યાસ આ નાટકમાં અભિનયનાં અજવાળાં પાથરી રહ્યાં છે. લાઈટની સેવા અનવર મનસુરી દ્વારા, મેક-અપ મનુ પંડ્યા દ્વારા અને સંગીત સંચાલન બિમલ પાટીલ દ્વારા કરવામાં આવી રહ્યું છે. શફી સુબેદાર અને કુંતલ નિમાવતનો વિશેષ સહયોગ આ નાટ્યપ્રયોગ માટે પ્રાપ્ત થઈ રહ્યો છે.

સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી આ નાટકનું નિર્માણ કરવામાં આવ્યું છે અને તેનો શો નાટ્યરસિક જનતા માટે નિઃશુલ્ક યોજવામાં આવ્યો છે. ગાંધીનગરના નાટ્યરસિક નાગરિકોને આ નાટક માણવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## એમ બી કન્યા વિદ્યાલય ખાતે હેલ્થ અને હાઈજીનનો સેમિનાર

ગાંધીનગર, તા. ૯

પી એન્ડ જી કંપની દ્વારા હેલ્થ અને હાઈજીન અંગે એક સેમિનારનું આયોજન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મૃદુલાબેન ભરતભાઈ પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું.

કંપનીના કેમ્પ ઈન મેનેજર અંજલી શાહ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં, જેમણે ઉચ્ચતર પ્રાથમિક શાળાની તમામ વિદ્યાર્થીનીઓનો આરોગ્ય, સ્વચ્છતા અને સંતુલિત આહાર અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# માણસે રોબોટ બનાવ્યા ને રોબોટને માણસ બનાવવાની પેરવી ચાલી રહી છે





ગાંધીનગર, તા. ૯

ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ મેનેજમેન્ટ, આણંદ ખાતે ઍમબીએનો અભ્યાસ કરનાર યુવાન મીત હસમુખ શર્માએ ‘સાર્ક’ દેશોમાં યંગ વિદ્યાર્થીઓની કોન્ફરન્સમાં ભાગ લીધો હતો.

૨૭ નવેમ્બરથી પાંચમી ડિસેમ્બર સુધી જાપાના જેનિસીસ - જાપાન ઈસ્ટ એશિયા નેટવર્ક ઓફ એક્સચેન્જ સ્ટુડન્ટ એન્ડ યુથ પ્રોગ્રામમાં જાપાનની મુલાકાત લીધી હતી. જેમાં ભારતભરતમાંથી કુલ ૧૬ અને ગુજરાતીમાંથી એકમાત્ર એમબીએ વિદ્યાર્થી મીત હસમુખ શર્માની પસંદગી થઈ હતી. સાર્ક દેશોના યંગ વિદ્યાર્થીઓની કોન્ફરન્સમાં ભારત ઉપરાંત બાંગ્લાદેશ, માલદીવ, નેપાળ, ભૂતાન,શ્રીલંકા, પાકિસ્તાનના યંગ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧માં રહેતા હસમુખભાઈ શર્મા અને ડૉ. વર્ષા પારેખ (રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષક)ના પુત્ર મીત શર્માએ કોન્ફરન્સમાં યુથ વતી લીડરશીપ સ્વીકારી પ્રેઝન્ટેશન આપી ખાસ્સી નામના પણ મેળવી હતી.

‘જાપનના લોકો સવારે ૭થી રાત્રિના ૧૧ સુધી સખ્ત પરિશ્રમ કરે છે અને પોતાને સોંપાયેલા કાર્ય પ્રત્યે સંપૂર્ણ વફાદારી દર્શાવે છે. ૧૯૪૫ના વિશ્વયુદ્ધ પછી જાપનનું સ્વપ્ન આર્થિક રીતે સક્ષમ બનવાનું હતું, જે તેણે સાકાર કર્યું છે. અહીંના લોકો ખૂબ સરળ છે અને તેમનામાં દેશભક્તિ ભારોભાર ભરેલી છે. તેઓ ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરે છે. તેઓ ભોજન લેતાં પહેલાં સૌના પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરે છે તે મને ખૂબ સ્પર્શી ગયું. ‘ઓશીબારુ’ અહીંનું પ્રખ્યાત પીણું છે. અહીંની રહેણીકરણી અને ઘરો પણ ખૂબ શ્રેષ્ઠ છે. વસતીવધારા પર તેમનો સંપૂર્ણ અંકુશ છે.

જાપાન આજે વિશ્વભરમાં ટેકનોલોજીની બાબતમાં અગ્રેસર છે, પરંતુ તેમ છતાં ત્યાં સોશિયલ લાઈફ બહુ જોવા નથી મળતી. અહીં સામાજિક સંબંધોની ઉણપ વર્તાય છે. અહીં માણસે રોબોટ બનાવ્યા છે ને રોબોટને માણસ બનાવવાની પેરવી પણ ચાલી રહી છે. અલબત્ત, જાપાનની યાત્રા જીવનનું સંભારણું બની રહેશે. મેં અહીંના લોકજીવનને વધુ નજદીકથી જોવા માટે ૩ દિવસ હોમ સ્ટે પણ લીધો હતો.’ એમ મીતે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું..

કોન્ફરન્સના સમાપન પ્રસંગે ઈન્ટર્નલ એક્સચેન્જ વિભાગના સિનિયર આસી. અરીરો ઉચિયામાના વરદ હસ્તે મીતને પ્રમાણપત્ર પ્રાપ્ત થયું હતું.

આ કોન્ફરન્સનો મુખ્ય હેતુ પરસ્પર સદ્‌ભાવના અને ભાઈચારો સ્થાપિત કરવાનો હતો. કોન્ફરન્સ અંતર્ગત ટેકનોલોજી અને જાપાનની પબ્લિક પોલિસી અંગે પણ ચર્ચાઓ કરવામાં આવી હતી.